ક્રમાંકઃ-જીઈએન/૨૦૧૦/૫૯૫/(૬)/એમઆઈસેલ (ક-૧),
નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦/૧૧/૨૦૧૪

પ્રતિ,
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ,

વિષયઃ-રાજય સરકારના બાંધકામ માટે વપરાતા ગૌણ ખનિજોની રોયલ્ટી ભરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે માર્ગ અને મકાન વિભાગના તા.૮-૮-૨૦૧૪ ના પરિપત્ર ક્રમાંક-ટીએનસી-૧૦૨૦૧૩-(૪)-સી ની નકલ આ સાથે જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

( એચ. એમ. પટેલ )
સેકશન અધિકારી,
નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

બિડાણઃ-ઉપર મજુબ.

<u>નકલ સાદર રવાના પ્રતિ,</u>

સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, ન. જ..સં. પા. પુ. અને ક. વિ. સચિવાલય, ગાંધીનગર.
સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક), ન. જ..સં. પા. પુ. અને ક. વિ. સચિવાલય, ગાંધીનગર
સર્વે તાંત્રિક શાખાઓ (ક, ક-૨, ક-3, જ, ૬ ) ન. જ..સં. પા. પુ. અને ક. વિ. સચિવાલય, ગાંધીનગર
શાખા સિલેકટ ફાઈલ.

૨૪૯/૮

રાજ્ય સરકારના બાંધકામ માટે વપરાતા
ગૌણ ખનિજોની રોયલ્ટી ભરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦-૨૦૧૩-(૪)-સી
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૮/૦૮/૨૦૧૪ .

સંદર્ભ:- (૧) પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૨૨૮૬-યુઓ-૩૯-(૧૯)-સ તા.૨૩-૧૦-૧૯૮૯

(૨) પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦-૨૦૦૨-(૧૪)-સ તા. ૨૮-૪-૨૦૦૩

આમુખ :-

વિભાગના ઉપર દર્શાવેલ સંદર્ભીત પરિપત્રો થી રાજ્ય સરકારના બાંધકામ ના કામો માટે વપરાતા ગૌણ ખનિજોની રોયલ્ટી બાબતે બી-૧ ટેન્ડર ના ક્લોઝ-૩૬ અને બી-૨ ટેન્ડર ના ક્લોઝ-૩૫ માં ઉપરોક્ત સંદર્ભીત પરીપત્રોની તારીખ થી સિક્યોરીટી ડિપોઝીટ પરત કરવા માટે રોયલ્ટી ભર્યા અંગે ના પ્રમાણપત્રનો આગ્રહ રાખવાનો રહેશે નહિ તેવી જોગવાઇ કરવામા આવેલ છે. કોન્ટ્રાક્ટર્સ એસોશિએસન ની રજૂઆતો આવેલ છે કે, ટેન્ડર ક્લોઝની અમલવારી બધા વિભાગમાં એક સરખી રીતે કરવામાં આવતી નથી, અને સિક્યોરીટી ડિપોઝીટ પરત કરવા માટે હજુ પણ અમુક વિભાગોમાં ના વાંધા પ્રમાણપત્રો નો આગ્રહ રાખવામા આવે છે આ બાબતે નીચે મુજબની કાર્યવાહી કરવા આથી સર્વે ને જણાવવામાં આવે છે

પરિપત્ર:-

સંદર્ભીત પરિપત્રોમાંની રાજ્ય સરકારના બાંધકામ માટે વપરાતા ગૌણ ખનિજોની રોયલ્ટી બાબતે અને તેના સંદર્ભે સીક્યુરીટી ડીપોઝીટ પરત કરવા માટે ની જે જોગવાઈઓ છે તેનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.

જો રોયલ્ટી ભર્યા અંગેના ઈજારદારશ્રી દ્વારા પુરા પાડવામાં આવેલ દસ્તાવેજો અપુરતા લાગે તેવા કિસ્સામાં, સંબંધીત કાર્યપાલક ઈજનેરશ્રીએ કામ પુર્ણ થયેથી જે તે કામ ની સીક્યુરીટી ડીપોઝીટ છુટી કરતાં પહેલાં ઈજારદારશ્રી તરફથી કામમાં વપરાયેલ ગૌણ ખનિજોની રોયલ્ટી ભરવાની બાકી હશે તો તે ભરપાઈ કરવા ઈજારદારશ્રી બંધાયેલ છે તેવા પ્રકારની ઈજારદારશ્રી પાસેથી બાંહેધરી અચૂકપણે મેળવી સીક્યુરીટી ડીપોઝીટ પરત કરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

આ સૂચનાનો પણ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

પ્રતિ,

સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ.વર્તુળ, પંચાયત મા.મ.વર્તુળ, એકસપ્રેસવે વર્તુળ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વર્તુળ, પાટનગર યોજના વર્તુળ સહિત,

સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ (ઉપરોકત વર્તુળો હેઠળના વિભાગો સહિત)

<u>નકલ જાણ સારૂ રવાના પ્રતિ:-</u>

ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

નિયામકશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ, બ્લોક નં.૧૩, ત્રીજા માળે જુના સચિવાલય,ગાંધીનગર.

નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા,વડોદરા.

નિયામકશ્રી, એન્જીનીયરીંગ સ્ટાફ કોલેજ, ગાંધીનગર.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લી., ગાંધીનગર.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી., ગાંધીનગર.

સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઇ.શ્રીઓ), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે પ્રોજેક્ટ શાખાઓ માર્ગ અને મકાન વિભાગ , સચિવાલય , ગાંધીનગર.

સીલેક્ટ ફાઇલ-૨૦૧૪.